ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-03 તા.18-08-2021

## ૨૧મી સદી ભારતની સદી હશે અને પ્રધાનમંત્રી શ્રી ને આ સપનાને સાકાર કરીશું એવી હું ખાતરી આપું છું:- શ્રીમતી દર્શનાબેન જરદોષ

## મહિલા સશક્તિકરણની માત્ર અત્યાર સુધી વાતો જ થઇ છે. પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં 11 મહિલાઓને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું:- શ્રીમતી દર્શનાબેન જરદોષ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ કેન્દ્રિય મંત્રીશ્રી દર્શનાબેન જરદોષની જન આશીર્વાદ યાત્રાનો આજે ચોથો દિવસ હતો. તેમજ તેમની યાત્રા સુરત ખાતે હતી.

શ્રીમતી દર્શનાબેન જરદોષએ જણાવ્યુ કે, ગુજરાતની જનતા થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વડાપ્રધાનશ્રીની નેતૃત્વવાળી ટીમમાં ૭ જુલાઈએ મંત્રાલયનો પદભાર સંભાળ્યો મને પ્રજાની સેવા કરવાનો જે લાવો મળ્યો તેની ખુબ આભારી છું. અમારા મંત્રીઓના આપને મળવાનું સપનું જનયાત્રા થકી પ્રજા સુધી પહોંચ્યા છીએ. ભારત દેશના 43 નવા મંત્રીઓ પોતાના મતવિસ્તાર સુધી પહોંચ્યા છે અને રાજ્યોનો પ્રવાસ કર્યો છે. ગુજરાતની પાંચ યાત્રા પૈકી મારી યાત્રા કરમસદ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થાનેથી શરૂ થઈ દરેક જ્ઞાતિ દ્વારા ઉષ્માભેર સ્વાગત કર્યું તે બદલ દરેક ની આભારી છું.

શ્રીમતી દર્શનાબેન જરદોષે વધુમાં જણાવ્યૂ કે, મહિલા સશક્તિકરણની માત્ર અત્યાર સુધી વાતો જ થઇ છે. પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં 11 મહિલાઓને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું. કહેવત છે કે દીકરી બે કુળને તારે છે એમ મારો જન્મ બ્રાહ્મણ સમાજમાં થયો છતાં ઓબીસી સમાજના દરજી જ્ઞાતિની અંદર સમગ્ર દેશમાં મંત્રીનો પ્રભાર મળ્યો OBC સાથે SC, ST દરેક સમાજની એક સરખું પ્રતિનિધિત્વ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે.

કોરોના મહામારીમાં વેક્સિનેશન નો એક જ દિવસમાં સૌથી વધારે વેક્સિનેશન માત્ર ભારતે જ કર્યું છે વેક્સિનેશન ની સાથે અન્ન વિતરણ વ્યવસ્થા જે આખી દુનિયા વખાણ કરે છે જે એપ્રિલથી શરૂ કરી છે આ યોજના હજુ દિવાળી સુધી લંબાવી છે અને આ યોજના અંતર્ગત દેશનો કોઈ પણ નાગરિક ભૂખ્યો ન ઊંઘે તેની ચિંતા સરકારે કરી છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ટેકસટાઇલ ઉધ્યોગ માત્ર સુરતમાં જ નહીં આખા દેશમાં વ્યાપેલી છે તેમજ દરેક ક્ષેત્રે ખૂબ આગળ લઈ જવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવા સરકાર દ્વારા આયોજનો થઇ રહ્યા છે. રેલ્વે આપણી જીવાદોરી છે જે ખૂબ જ ઝડપથી દોડી રહી છે અને રેલ્વેને આધુનિક નવું સ્વરૂપ આપી રહ્યા છીએ તેવું શ્રીમતી દર્શનાબેન જરદોષએ જણાવ્યુ હતું.

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યુ હતું કે, આપણે વર્ષોથી સુરત રેલ્વે સ્ટેશન વર્લ્ડ ક્લાસ રેલવે સ્ટેશન બનાવવાના પ્રયત્નો કરતા હતા સુરતમાંથી ઘણી જગ્યાએ ટ્રેન અને જ્યાં વ્યવસ્થા નથી તેની માગણી કરી છે.

ગાંધીનગર રેલ્વે સ્ટેશન જે રીતે ડેવલપ થયું છે અને પ્લેટફોર્મ પર જ 400 બેડની ફાઇવસ્ટાર હોટેલ જે બની છે તે આ અદ્યતન ટેકનોલોજીનું ઉદાહરણ છે અને આ આધુનિક ટેકનૉલોજીનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આખા દેશને એક નવું સપનું આપ્યું છે. રેલવે મંત્રાલય તેમજ ટેક્સટાઇલ દરેકનું કામ ઝડપથી થઈ રહ્યું છે તેવું શ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું હતું.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)